**:: આંક–૫ લગત હુકમ ::**

કામ રજુ, પોકાર કરતા વાદી નથી, તેમના વિ.વ.શ્રી હાજર છે, પ્રતિવાદી અને તેમના વિ.વ.શ્રી હાજર છે.

પ્રતિવાદી તરફે આંક–૫ ના સંબંધમાં આંક–૧૨ થી પુરસીસ રજુ કરી જાહેર કરવામાં આવેલ છે કે, તેઓએ આ દાવાવાળી મિલ્કત વેચાણ કરવા માંગતા ન હોય અને દાવા દરમ્યાન કોઈ વેચાણ કરશે નહી. જે પુરસીસના સંબંધમાં વાદીના વિ.વ.શ્રીને પણ સાંભળ્યાં. તેઓએ જણાવેલ છે કે જો પ્રતિવાદી જાહેર કરતા હોય કે તેઓએ દાવાવાળી મિલ્કતનું વેચાણ કરશે નહી તો તેની પુરસીસના આધારે આંક–૫ ફેસલ કરવામાં આવે તો તેમને વાંધો નથી. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામના વાદીની આંક–૫ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે અને આ કામના પ્રતિવાદી વિરુધ્ધ આંક–૫ હેઠળ એવો હુકમ કરવામાં આવે છે કે, તેઓએ આ દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળી તકરારી મિલ્કત જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના નાની ભગેડી ગામના ખાતા નં.૫૩૭, રે.સ.નં.૮૪ (જેના જુના રે.સ.નં.૨૫૦/પૈકી–૨), હે. ૧–૭૦–૫૩ ને કોઈપણ રીતે ટ્રાન્સફર કરે કે કરાવે નહી.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તારીખ:૧૬ મી, માહે:માર્ચ, સને:૨૦૨૧ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

કાલાવડ,
તા.૧૬/૦૩/૨૦૨૧.

*(સુનિલકુમાર શર્મા)*
પ્રિન્સીપાલ સીવીલ જજ,
કાલાવડ.
***JUDGE CODE: GJ 01349***